ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

જિલ્લામાં ૩૮ બાળકો પર હૃદયના રોગની સફળ શસ્ત્રક્રિયા કરાઈ

૬ બાળકોને કોકલીયર ઈમ્પલાન્ટ કરાયુ : જન્મજાત મોતીયો ધરાવતા ૪ બાળકોનું પણ ઓપરેશન કરાયુ : કપાયેલા હોઠ અને તાળવાના ૧૬ ઓપરેશન કરાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણીના ચોંકાવનારા તારણો સામે તંત્રએ પણ એટલી જ સમય સુચકતા દાખવી આ બાળકોને સમયસર સારવારના મહત્વના પગલાંઓ ભર્યા હોવાથી જિલ્લા શિક્ષણજગતે હાશકારો અનુભવ્યો છે.

રાષ્ટ્રીય બાલ સુરક્ષાના તબીબોની શાળા આરોગ્યની ચકાસણી દરમ્યાન ૨,૪૦,૬૬૨ બાળકોની ચકાસણી કરવામાં આવી છે.

આ ચકાસણી દરમ્યાન હૃદયની બિમારી ધરાવતા ૧૫૦ જેટલા બાળકો મળી આવ્યા હતા. આ પૈકી ૩૮ બાળકો પર તાત્કાલિક સર્જરી કરવામાં આવી છે. કપાયેલા હોઠ અને કપાયેલા તાળવાના ૧૬ બાળકો પર પણ સફળ શસ્ત્રક્રિયા કરવામાં આવી છે.

જન્મજાત બધીરતા ધરાવતા ૬ બાળકો પર કોકલીયર ઈમ્પાલાન્ટનું સફળતાપૂર્વક કરવામાં આવી છે. તો જન્મજાત મોતીયો ધરાવતા ૪ બાળકોનું પણ ઓપરેશન કરવામાં આવ્યુ છે.

શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન મળી આવેલા બાળકો પર વિનામૂલ્યે સર્જરી કરવામાં આવી છે. આવા બાળકોની સારવારનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવે છે.

મળતી વિગતો પ્રમાણે આંખોની નબળાઈ ધરાવતા ૨૧૧ બાળકોને અંધત્વ નિવારણ સોસાયટીમાંથી વિનામૂલ્યે ચશ્મા પુરા પાડવામાં આવ્યા છે.

આ ચકાસણી અભિયાન દરમ્યાન ૧૧ જેટલા થેલેસેમીયાથી પિડાતા બાળકો મળી આવ્યા છે. ૩૦ બાળકોમાં ડાયાબીટીસ, ૧૮ કેન્સરના, ૩૮ કિડની, ૩૪ ક્લબ ફૂટ મેળવવા ઈચ્છુક બાળકો, પાંડુરોગના ૬૫૩૮ બાળકો તેમજ દાંતનો સડો ધરાવતા ૭૩૯૬ બાળકો મળી આવ્યા છે. આ બાળકો હાલ જુદા જુદા સ્તરે સારવાર હેઠળ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

અગાઉ શાળા આરોગ્ય ચકાસણી અભિયાન નવેમ્બરથી જાન્યુઆરી દરમ્યાન યોજાતુ હતુ પરંતુ હવે સરકારે આર.બી.એસ.કે. યુનિટ શરૂ કરી સતત બાળકોના આરોગ્યની ચકાસણી માટેનું અભિયાન ચલાવી રહેલ છે.

જિલ્લામાં ૬૦૦થી વધુ પ્રા. શાળાઓ અને ૩૦૦ થી વધુ માધ્યમિક શાળાઓ આવેલી છે. આર.બી.એસ.કે.ની ટીમો દ્વારા સતત ચકાસણીની કામગીરી ચાલી રહી છે.

ડેવલપમેન્ટ ડીલેના ૭૩૨ કેસો અને તમાકુનું વ્યસન ધરાવતા ૧૬૦૦થી વધુ બાળકો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન ચોંકાવનારી હકીકતો સામે તંત્રના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે.

આ ચકાસણી દરમ્યાન બાળકોના ડેવલપમેન્ટ ડીલેના ૭૩૨ જેટલા કેસો સામે આવ્યા છે. શંકાસ્પદ ટીબી હોય તેવા ૪૧ બાળકો મળી આવ્યા છે.

તરૂણાવસ્થાની સમસ્યાના ૧૨૨૪ કેસો સામે આવ્યા છે. મેદસ્વિતા ધરાવતા ૧૪૦ કેસો સામે આવ્યા છે.

સૌથી ચોંકાવનારૂ તારણ ૧૬૧૭ બાળકો સોપારી અને તમાકુનું વ્યસન ધરાવતા મળી આવ્યા છે. તંત્રએ આ બાબતને ગંભીરતાથી લીધી છે અને શાળાની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા પાનના ગલ્લાઓ હટાવી લેવા માટે તાકીદ કરવામાં આવી છે.

ડેવલપમેન્ટ ડીલેના મળેલા કેસોએ તંત્રને ચોંકાવ્યા છે. આ માટે પણ તેમના વાલીઓને વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. બદલાતી જીવન શૈલીને કારણે ૧૪૦ જેટલા મેદસ્વિતા ધરાવતા બાળકોને લઈ જંકફૂડથી બાળકો દૂર રહે તે માટે ખાસ જનજાગૃત્તિ અભિયાન પણ હાથ ધરવામાં આવ્યુ છે.

નગરના માર્ગો આસપાસ સાઈન બોર્ડસ ટ્રીમીંગના અભાવે બિન ઉપયોગી

વનતંત્ર દ્વારા ટ્રીમીંગની કામગીરી ન થતા મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર નમી પડેલી વૃક્ષોની ડાળીઓ જોખમી : સાઇન બોર્ડસ તેમજ સ્ટ્રીટ લાઇટના થાંભલા માટે પણ આડશરૂપ બનતા સ્થાનિકાને હાલાકી

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં ગત ચોમાસા બાદ લાંબા સમયના અંતે વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવી નથી. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ સ્થિત સાઇન બોર્ડસ તેમજ સ્ટ્રીટ લાઇટના પોલ્સ માટે પણ નમી પડેલી વૃક્ષોની ડાળીઓ અવરોધરૂપ બની છે. જેના લીધે સાઇન બોર્ડસ પાછળ થયેલા લાખોના ખર્ચનો પણ કોઇ હેતુ સરતો નથી જયારે કેટલાક ઠેકાણે તોતિંગ ડાળીઓ ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી સ્થિતિ છે. વનતંત્ર દ્વારા શહેરના સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગ માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોના ટ્રીમીંગના અભાવે અનેક અડચણો સ્થાનિકો માટે ત્રાસરૂપ બની છે. શહેરમાં ગત ચોમાસા બાદ પણ વનતંત્ર દ્વારા ટ્રીમીંગ માટેની ઝુંબેશ હાથ ધરવામાં આવી નથી અલબત્ત અગાઉ માત્ર એકાદ માર્ગોની આસપાસ વી આઇ પી ઓની અવરજવરને ધ્યાનમાં રાખી વૃક્ષોનુ ટ્રીમીંગ કરી દેવાયુ હતુ ત્યારબાદ ટ્રીમીંગનો કાર્યક્રમ પડતો મુકી દેવાતા શહેરના મુખ્યમાર્ગો આસપાસ હાલ પણ વૃક્ષોની લટકતી ડાળીઓ રાહદારીઓ માટે અડચણરૂપ બની રહી છે સેકટરોમાં આંતરિક માર્ગો આસપાસ સ્ટ્રીટ લાઇટના થાંભલા માટે પણ લટકતી ડાળીઓ અવરોધરૂપ બનતા માર્ગો પર પુરતુ અજવાળુ પથરાતુ નથી જેના લીધે સેકટરના રહીશો પણ પરેશાની વેઠી રહ્યા છે. જયારે બીજીતરફ મુખ્યમાર્ગો પર લાખોના ખર્ચે મુકાયેલા દિશાસુચક બોર્ડસ પણ ઢંકાઇ ગયા છે. વૃક્ષોની ડાળીઓની લપેટમાં સાઇન બોર્ડસ પણ આવી જતા આ બોર્ડસ બિન ઉપયોગી પુરવાર થઇ રહ્યા છે. જેના લીધે રસ્તે જતા રાહદારીઓને માર્ગ સુઝતો નથી શહેરમાં બહારગામથી આવતા મુલાકાતીઓને પણ આ બોર્ડસ ઉપયોગી થતા નથી. શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના નિયત જંકશનને અનુલક્ષી તંત્ર દ્વારા અગાઉ સાઇન બોર્ડસ મુકવામાં આવ્યા હતા જયારે આ બોર્ડસ મુકવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરાયો હતો. કેટલાક ઠેકાણે સેન્ટ્રલ વર્જમાં બોર્ડસનો ખડકલો કરી દેવાયો છે. જે માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ જોખમી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે માર્ગોની આસપાસ મુકવામાં આવેલા સાઇનબોર્ડસ પણ નમી પડેલી ડાળીઓનાા લીધે વાહનચાલકોના વિઝનમાં આવતા નથી આ સ્થિતિ વચ્ચે થોડા સમય

● અનુસંધાન પાન-૭ પર

૧૬મીએ ખોરજમાં મુખ્યમંત્રી સુજલામ્ સુફલામ્નો પ્રારંભ કરાવશે

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગામી ૧૬મી ફેબ્રુઆરીના રોજ જિલ્લામાં સુજલામ્ સુફલામ્નો પ્રારંભ કરાવશે.

૧૬મીએ ખોરજ મુકામે તળાવ ઊંડુ કરવાની કામગીરીનો મુખ્યમંત્રી પ્રારંભ કરાવશે. ૧૬મીના મુખ્યમંત્રીના પ્રવાસને લઈ તંત્ર દ્વારા તેના આયોજન સહિતની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

સુજલામ્ સુફલામ્ અંતર્ગત તળાવ ઊંડા કરવા સહિત જળસંચયના મહત્વના પગલાંઓ હાથ ધરવામાં આવનાર છે. જિલ્લામાં આ વર્ષે ચોમાસા દરમ્યાન ગાંધીનગર અને માણસામાં વરસાદની ઘટ રહેલ છે.

કેન્દ્ર સરકારે પણ ભૂગર્ભ જળના સ્તર નીચે જતા હોઈ જિલ્લામાં ૨૪૮ ગામોમાં ખાસ અટલ ભૂજળ યોજના અમલમાં મુકી છે. રાજ્ય સરકારે જળસંચયને સઘન બનાવવા માટે આ વર્ષે પણ ફેબ્રુઆરીથી જ તળાવ ઊંડા કરવા તેમજ પાણીના આવરાના સ્થાનોની સફાઈ અને જળસંચયના વિવિધ કામો હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

નેશનલ મીન્સ મેરિટ સ્કોલરશીપની પરીક્ષામાં ૨૯૨ વિદ્યાર્થીઓની હાજરી ઘટી

પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન : મેરિટમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ રૂ ૧૨ હજાર સ્કોલરશીપ મળશે

ગાંધીનગર તા ૧૨

ધો - ૮ના વિદ્યાર્થીઓ માટે આજે નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોરશીપ પરીક્ષા યોજવામાં આવી હતી ગાંધીનગર જિલ્લામાં આ પરીક્ષા માટે ૫૨૬૫ વિદ્યાર્થીઓની નોંધણી થઈ હતી જો કે આજે પરીક્ષા દરમિયાન ૨૯૨ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. જિલ્લામાં શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષા સંપન્ન થઈ હતી. પરીક્ષામાં મેરીટમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિવર્ષ રૂ ૧૨ હજાર સ્કોલરશીપ તરીકે ચુકવાશે.

ગાંધીનગર જિલ્લામાં આજે નેશનલ મીન્સ મેરિટ સ્કોલરશીપ પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં યોજાઈ હતી. જિલ્લામાં ધો - ૮ ના વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી જયારે જિલ્લામાંથી પરીક્ષાને અનુલક્ષી ૫૨૬૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત આ પરીક્ષાને અનુલક્ષી જિલ્લાના વિવિધ કેન્દ્રોના બ્લોક પર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી પરીક્ષાને અનુલક્ષી ગેરરીતી ન થાય તે માટે પણ શિક્ષણતંત્ર દ્વારા પુરતી તકેદારી રાખવામાં આવી હતી.

જિલ્લાના ૧૮ કેન્દ્રોમાં ૧૮૦ જેટલા બ્લોકમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જયારે ગેરરીતી અટકાવવા માટે દરેક બેઠક વ્યવસ્થાના સ્થાને સી સી કેમેરાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. જયારે પરીક્ષા દરમિયાન કેન્દ્રો પર સરકારી

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં ગોપાલ દાસનું નાર્કો એનાલિસિસ કરાયું

ઓડિશાના સ્વાસ્થ્ય મંત્રી પર ખુન્નસ વધારવા ASIએ બે મહિનાથી બંધ કરી દીધી હતી માનસિક બીમારીની દવા

અમદાવાદ, તા.૧૨

૨૯મી જાન્યુઆરીના રોજ ઓડિશાના સ્વાસ્થ્ય મંત્રી નબા કિશોર દાસની ગોળી મારીને હત્યા કરવાના આરોપસર ઓડિશાના ASI ગોપાલ દાસની ધરપકડ કરવામાં આવી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ગોપાલ દાસ બાઈપોલર ડિસઓર્ડરનો શિકાર હતો પણ હત્યાના બે મહિના પહેલાથી તેણે દવા લેવાની બંધ કરી દીધી હતી. પ્રાપ્ત જાણકારી અનુસાર, સ્વાસ્થ્ય મંત્રી પ્રત્યેના ગુસ્સાને વધારવા માટે તેણે આ નિર્ણય લીધો હતો.

ઉલ્લેખનીય છે કે ગોપાલ દાસને ગાંધીનગર ખાતે આવેલા Directorate of Forensic Sciences (DFS) લાવવામાં આવ્યો અને લાઈ ડિટેક્શન ટેસ્ટ અને નાર્કો એનાલિસિસ કરવામાં આવ્યું. આ બન્ને ટેસ્ટ પછી અનેક ચોંકાવનારી હકીકતો સામે આવી છે. ઓડિશા પોલીસની ક્રૈંઇ ટીમ ગોપાલ દાસને ગાંધીનગર લાવી હતી. સીનિયર અધિકારીઓ ADGP અરુણ બોથરા અને DSP રમેશ ચંદ્ર ડોરા આ કેસ સંભાળી રહ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ગોપાલ દાસને સ્વાસ્થ્ય મંત્રી સાથે અંગત અદાવત હતી અને વૈચારિત મતભેદો હતા.આ બે મુખ્ય કારણોસર તેણે હત્યા કરી હતી. ગોપાલ દાસ પોતાના નિવેદન બદલતો રહેતો હતો જેના પરિણામે નાર્કો ટેસ્ટનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તપાસ અધિકારીઓએ મુખ્ય મુદ્દાઓ હજી જાહેર નથી કર્યા, પરંતુ માનવામાં આવી રહ્યું છે કે ગોપાલ દાસે એકલા હાથે આખી યોજના ઘડી હતી અને આ હત્યાને રાજકારણ સાથે કોઈ કનેક્શન નથી.

આ સિવાય સૂત્રોએ જણાવ્યું કે, ૫૪ વર્ષીય ગોપાલ દાસ બાઈપોલર ડિસઓર્ડરની દવા લાંબા સમયથી લઈ રહ્યો હતો. પોલીસ અત્યારે આ દાવાઓની પૃષ્ટિ કરવાનો પ્રયત્ન કરી રહી છે.

નાર્કો ટેસ્ટની શરુઆત સવારે ૧૦ વાગ્યે થઈ હતી અને ચાર વાગ્યા સુધી ચાલી હતી. શુક્રવારના રોજ ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં તેના સ્વાસ્થ્યની ચકાસણી પણ કરવામાં આવી હતી. ઓડિશા પોલીસ શનિવારે ગાંધીનગરથી પાછી ફરી હતી. સોમવારના રોજ ગોપાલ દાસના રિમાન્ડ પૂરા થઈ જશે. ઉલ્લેખનીય છે કે ગોપાલ દાસ પોતે પોલીસકર્મી હોવાથી પૂછપરથની તમામ પદ્ધતિઓથી જાણકાર છે. ૧૦ દિવસમાં તેણે અનેક વાર પોતાની વાત બદલી છે.

ચ-૩ સર્કલ ઉપર લગાવેલુ મસમોટુ દિશા સુચક બોર્ડ ભારે પવનના કારણે નમી ગયુ છે. આ હોર્ડીંગને તાત્કાલિક અહીંથી હટાવી લેવુ જોઈએ નહી તો તે અકસ્માત સર્જી શકે છે.

હેલ્થ અને વેલનેસ થીમ આધારિત સાયકલોથોન ૧૪મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા આરોગ્ય મેળો અને હેલ્થ વેલનેસ થીમ પર સાયક્લોથોનનું આયોજન આગામી તા. ૧૪મી ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યુ છે.

આરોગ્ય ક્ષેત્રે જાગૃતિ લાવવા તથા વિવિધ રોગોના નિદાન માટે ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા આરોગ્યમેળાનું આયોજન આગામી તા. ૧૪મી ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યુ છે. આ સાથે જ અવેરનેસ માટે સાયક્લોથોન યોજાશે. સ્વસ્થ મન સ્વસ્થ ઘર થીમ આધારિત આ સાયક્લોથોન દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને હેલ્થ વેલનેસ સેન્ટર ખાતે યોજાશે.

ઉનાળાની ગરમીનો પ્રારંભ : પારો ૩૩ ડિગ્રી

ધીમે ધીમે ઠંડી સાવ ગાયબ થઈ રહી છે : લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડિ.સે. પહોંચતા રાત્રે પણ હવે ઠંડી લાગતી નથી

ગાંધીનગર, તા. ૧૨

ફેબ્રુઆરી હજુ અડધો થયો નથી ત્યાં ઉનાળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ઠંડી અચાનક જ જાણે ગાયબ થઈ ગઈ છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન દરરોજ વધી રહ્યુ છે. મહત્તમ તાપમાન એક જ દિવસમાં લગભગ ચાર ડિગ્રી જેટલુ વધીને ૩૩.૫ ડિ.સે. પર પહોંચી ચૂક્યુ છે.

ઉનાળાનો પ્રારંભ થઈ ચૂક્યો હોય તેવુ લાગી રહ્યુ છે. ફેબ્રુઆરી માસના બીજા અઠવાડિયાથી જ લઘુત્તમ અને મહત્તમ તાપમાન વધી રહ્યુ છે. દરરોજ બે-ચાર ડિગ્રી જેટલો વધારો થતાં ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. હજુ અઠવાડિયા-દસ દિવસ પહેલાં અનુભવાતી કડકડતી ઠંડી અચાનક જ ક્યાંક ગાયબ થઈ ગઈ હોય એવુ લાગી રહ્યુ છે. મહત્તમ તાપમાન ગઈકાલે ૨૯.૮ ડિ.સે. નોંધાયુ હતુ. જે આજે લગભગ ચાર ડિગ્રી જેટલુ વધીને ૩૩.૫ ડિ.સે. પર પહોંચી ચૂક્યુ છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં થઈ રહેલા વધારાના કારણે દિવસ હવે હુંફાળો બની ગયો છે અને તડકો પણ આકરો લાગી રહ્યો છે. પંખાની સ્પીડ ધીમે ધીમે વધવા માંડી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે હજુ એકાદ બે દિવસ તાપમાન નીચુ જશે તે પછી ૧૮મી ફેબ્રુઆરીથી ગરમીમાં વધારો થતો જશે.

મુખ્યમંત્રી ૧૫૧ નવીન લક્ઝરી એસટી બસની શરૂઆત કરાવશે

એસટીમાં મુસાફરી કરતા લોકો માટે ખુશખબર : આવતીકાલે મુખ્યમંત્રીના હસ્તે નવી ૧૫૧ બસનો પ્રારંભ થશે રાજ્યના વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ માહિતી આપી

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજ્યની પરિવહન વ્યવસ્થા સુદ્રઢ અને સરળ બનાવવા નાગરિકોના હિતમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરથી ૧૫૧ જેટલી નવીન લક્ઝરી એસ.ટી. બસોને લીલી ઝંડી આપી સેવાનો પ્રારંભ કરાવશે. આ સાથે જ નાગરિકોની સુવિધાઓમાં મુકવાનો મહત્વનો નિર્ણય કરાયો છે.

એસ.ટી.માં મુસાફરી કરતા લોકો માટે સારા સમાચાર મળી રહ્યા છે. આવતીકાલે મુખ્યમંત્રીના હસ્તે નવી ૧૫૧ બસનો પ્રારંભ થશે. ગાંધીનગરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ૧૫૧ લક્ઝરી એસટી બસની શરૂઆત કરાવશે. રાજ્યના વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ટ્વિટ કરીને માહિતી આપી હતી.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને ૫૦૦ સુપર એક્સપ્રેસ, ૩૦૦ લક્ઝરી તેમજ ૨૦૦ સ્લીપર કોચ એમ કુલ ૧૦૦૦ નવા વાહન ખરીદવા રૂ. ૩૧૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આ ૫૦૦ સુપર એક્સપ્રેસ વાહનો પૈકી ૧૫૧ નવા સુપર એક્સપ્રેસ વાહનો હાલમાં તૈયાર થઈ ગયા છે. જયારે બાકીના વાહનો તબક્કાવાર તૈયાર થઈ રહ્યા છે. તૈયાર થયેલ બસો નિગમના તમામ જિલ્લાઓમાં ફાળવવામાં આવશે.

આ ૧૫૧ નવી સુપર એક્સપ્રેસ બસમાં ૫૨ મુસાફર માટે આરામદાયક સિવિધા માટે ૩૨ર હાઈબેક શીટ, ઈન-સાઈડ આકર્ષક દેખાવ માટે છઝૅ શીટ, ગ્રેબરેલ પાઈપ અને કંડકટર પાર્ટીશન,બાહ્ય આકર્ષક દેખાવ માટે ફ્રન્ટ અને રિયરમાં FRP શો, VLT અને પેનીક બટન, રિવર્સ પાર્કિંગ સેન્સર, સિલિકોન બેઝ મેટિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે.

રાજ્ય સરકાર દ્વારા એસ.ટી નિગમને દર વર્ષે બજેટમાં નવા વાહનો ખરીદવા માટે માતબર ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જેથી નિગમ દ્વારા દર વર્ષે પ્રજાની સેવામાં નવા વાહનો મૂકવામાં આવે છે. નવા વાહનો સંચાલનમાં મૂકાતા તેટલી સંખ્યામાં આયુમર્યાદા પૂર્ણ કરેલ બિનઉપયોગી વાહનો દૂર કરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com